Extra No. 286

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, AUGUST 1, 2025 / SRAVANA 10, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓગસ્ટ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ-ના તારીખઃ ૧લી જુલાઈ, ૨૦૨૪ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦૨૪નો ૧૮/ઈએલસી/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૩/૫૯૭૫/ સેક્શન-જી. -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

રાજેન્દ્રસિંહ સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Gujarat Village Panchayats Election (Manner of Allotment of Reserved Seats by Rotation) Rules, 1994.

ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૨૦૨૪

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક: કેપી/૨૦૨૪નો ૧૮/ઈએલસી/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૩/૫૯૭૫/સેક્શન-જી:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૯ની પેટા-કલમ (૫) સાથે વાંચતા કલમ ૨૭૪ હેઠળ બહાર પાડવા ધારેલો નિયમોનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદત પૂરી થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના અગ્ર સચિવ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક: કેપી/૨૦૨૪નો ૧૮/ઈએલસી/પીઆરએચઆરડીડી/જીઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૩/૫૯૭૫/સેક્શન-જી:- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૯ની પેટા-કલમ (૫) સાથે વાંચતા કલમ ૨૭૪-થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) (સુધારા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. ગુજરાત ગ્રામ પંચાયતની ચૂંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો, ૧૯૯૪માં, નિયમ ૬માં, પેટા-નિયમ (૫)માં, "અધિનિયમની કલમ ૯ની પેટા-કલમ (૫)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨) હેઠળ, તે ગામની ગામ પંચાયતમાં બેઠકોની કુલ સંખ્યાની દશ ટકા" એ શબ્દો, કૌંસ અને આંકડાને બદલે, "અધિનિયમની કલમ ૯ની પેટા-કલમ (૫) ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકોને અધીન રહીને, તે ગામની ગ્રામ પંચાયતમાં બેઠકોની કુલ સંખ્યાની સત્તાવીસ ટકા" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સિમરન પોપટાણી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.08.05 22:20:17 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar